

આ ભવ દેહ, ધન, ભોગ, કુટુંબ અને દેશની સંભાળ માટે નથી મળ્યો ભાઈ! તારે તો તારા આત્માની સંભાળ કરવી એ કરવાનું છે.

*—કરુણામૂર્તિ ધર્મપિતા પૂજ્ય ગુરુદેવ*

કહાન સં. ૨૨ સં. ૨૦૫૮ [૭૦૫] * **આત્મધર્મ** * [અંક-૧ વર્ષ-૫૯] વીર સં. ૨૫૨૮ જુલાઈ-૨૦૦૨

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ હે દેવ! હું આ જન્મમાં તથા બીજા જન્મમાં પણ નિરંતર આપના ચરણયુગલની સેવા કરતો રહું, એટલા માત્રથી જ મારું પ્રયોજન પૂર્ણ થઈ જાય છે. હે જિનેન્દ્ર! એથી અધિક હું આપની પાસે બીજું કાંઈ માંગતો નથી. ૭૩૬. *(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ક્રિયાકાંડચૂલિકા, શ્લોક–૫)*

❀ શરીરાશ્રિત ઇન્દ્રિયોંકા સ્વભાવ ઐસા દેખા ગયા હૈ કિ વે આત્માકો અહિતકારી વિષયભોગોંકા સંભોગ મિલાતી હૈ ઔર ઉનમેં તન્મય કરાકર પ્રાણીકો સંસારમેં ભ્રમણ કરાતી હૈં, જો સમ્યગ્દૃષ્ટિ જિનવાણી પર વિશ્વાસ લાતા હૈ, વહ આત્માકે અતીન્દ્રિય સુખ પર નિશ્ચય રખતા હુઆ ઇન્દ્રિયકે સુખોંસે વિરક્ત રહતા હૈ. ૭૩૭. *(શ્રી તારણસ્વામી, ઉપદેશશુદ્ધસાર, શ્લોક–૨૫૭)*

❀ જો કે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આ જીવ, ટાંકણાથી ટાંકેલા પત્થરની માફક ટંકોત્કીર્ણ છે તોપણ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ જોતાં કોઈ પણ જીવ વિકૃતાવસ્થા થતાં આત્મસુખમાં સ્થિર રહેતો નથી પરંતુ ઘણો દુઃખી રહે છે. ૭૩૮. *(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૯૫૨)*

❀ નરકના જીવોને દુઃખી તથા દેવોને સુખી કહીએ છીએ એ ઇચ્છાની અપેક્ષાએ જ કહીએ છીએ. કારણ કે—નારકીઓને કષાયની તીવ્રતા હોવાથી ઇચ્છા ઘણી છે તથા દેવોને કષાયની મંદતા હોવાથી ઇચ્છા થોડી છે. વળી મનુષ્ય અને તિર્યંચો પણ ઇચ્છાની અપેક્ષાએ જ સુખી-દુઃખી જાણવા. ૭૩૯. *(પં. ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.–૨, પાનું–૭૫)*

❀ વ્રતી, આત્માકો પરમાત્માકે સમાન શુદ્ધ ભાવોંસે જાનકર આત્મિક વ્રત પર દૃષ્ટિ રખતા હૈ. ઉસકે ભાવોમેં જ્ઞાનમઈ આત્મિક સ્વભાવરૂપ ચેતનાકી પ્રતિમા ધ્રુવરૂપસે રહતી હૈ. ૭૪૦. *(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસારં, શ્લોક–૩૧૨)*

❀ જે શ્રાવકે અહીં મોક્ષાભિલાષી મુનિને ભક્તિપૂર્વક આહાર આપ્યો છે તેણે કેવળ તે મુનિને જ મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત નથી કર્યા પણ પોતાની જાતને પણ તેણે મોક્ષમાર્ગમાં લગાવી છે. બરાબર જ છે—મંદિર બનાવનાર કારીગર પણ નિશ્ચયથી તે મંદિરની સાથે જ ઊંચા સ્થાન ઉપર ચાલ્યો જાય છે. ૭૪૧. *(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિકા, દાન અધિકાર, શ્લોક–૯)*

કહાન
સંવત-૨૨
વર્ષ-૫૯
અંક-૧
[૭૦૫]

વીર
સંવત
૨૫૨૮
સં. ૨૦૫૮
JuLY
A.D. 2002





# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## શુદ્ધાત્મ–અવલોકન जाण अलिंगग्गहणम्।

(શ્રી સમયસાર ગાથા–૪૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

(તા. ૨૨-૧-૭૮)

શ્રી સમયસારશાસ્ત્રની ૪૯મી ગાથામાં અવ્યક્તનો આ પાંચમો બોલ ચાલે છે.

પહેલાં બોલમાં તો એમ લીધું હતું કે એક બાજુ ભગવાન આત્મા ને બીજી બાજુ છ દ્રવ્ય. પોતાની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય છે પણ છ દ્રવ્ય ને તેની પર્યાયોથી ભગવાન આત્મા—સાતમો-ભિન્ન છે—એમ હે શિષ્ય તું જાણ !

બીજા બોલમાં એમ કહ્યું કે કષાયોનો સમૂહ જે વ્યક્ત છે, તેનાથી ભગવાન આત્મા ભિન્ન છે. વ્યવહારરત્નત્રયથી પણ ભિન્ન છે તે આદરણીય છે.

ત્રીજા બોલમાં એમ કહ્યું કે ભૂત ને ભવિષ્યની પર્યાયો જેમાં અંતર્લીન છે એવા જ્ઞાયકસ્વરૂપ ચિત્સામાન્યને હે શિષ્ય તું અવ્યક્ત જાણ !

ચોથા બોલમાં ક્ષણિક વ્યક્તિમાત્ર નથી—એમ કહીને અવ્યક્ત એટલે ત્રિકાળી વસ્તુ જે છે તે જ આદરણીય છે બાકી બધું જાણવાલાયક છે એમ સિદ્ધ કર્યું. હવે પાંચમો બોલ કહે છે:—

**વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. ૫.**

પ્રગટ અને અપ્રગટ એકમેક મિશ્રિતરૂપે પ્રતિભાસિત થવા છતાં એટલે કે પર્યાયમાં પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન એક સમયમાં એકમેક સાથે હોવા છતાં—જ્ઞાન તો એક સમયમાં બન્નેનું થાય છે છતાં—પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. શ્રી સમયસારશાસ્ત્રની

ત્રીજી ગાથામાં તો એમ કહ્યું છે કે પ્રત્યેક પદાર્થ પોતાના અનંત ધર્મને ચુંબે છે—સ્પર્શે છે પણ પરદ્રવ્યને કદી સ્પર્શ કરતું નથી. ત્યાં પરથી ભિન્ન—જુદો બતાવવા એમ કહ્યું છે અને અહીં તો પર્યાય અને દ્રવ્યને—બન્નેને ભિન્ન કરવાની વાત સમજાવે છે. વ્યક્ત પ્રગટ નિર્મળ પર્યાયો અને અવ્યક્ત દ્રવ્ય—બન્નેનું એકમેક જ્ઞાન મિશ્રિત હોવા છતાં, વ્યક્તતાને દ્રવ્ય સ્પર્શ કરતું નથી, પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. પોતાનું ત્રિકાળી દ્રવ્ય છે તે ધ્રુવ છે તે વ્યક્ત પર્યાયને સ્પર્શ કરતું નથી, અડતું નથી.

આ કઈ નયનું કથન છે એ સમજવું જોઈએ, એક જ વાત પકડીને કહે કે એક જગ્યાએ ચુંબે છે—સ્પર્શે છે એમ કહ્યું અને અહીં સ્પર્શની ના પાડે છે તો તેને સમજાવે છે કે અહીં ચુંબનની—સ્પર્શની ક્યાં હા પાડી છે ? પરદ્રવ્યના ચુંબનની—સ્પર્શની ના તો બધે રાખી જ છે. કોઈ પદાર્થ બીજા પદાર્થને ત્રણ કાળ ત્રણ લોકમાં સ્પર્શતો—અડતો નથી, પણ અહીં તો તેનાથી વિશેષ અંદરની વાત સમજાવવી છે, અવ્યક્તને અહીં સિદ્ધ કરવું છે, અવ્યક્તને હે શિષ્ય ! તું જાણ, તારી પર્યાયમાં અવ્યક્તને તું જાણ. એ અવ્યક્ત દ્રવ્ય શું છે ? —કે પર્યાયને અડતું—સ્પર્શતું નથી.

આ આત્મા છે તે શરીર, કર્મ, વાણી, મન, દેવ—શાસ્ત્ર—ગુરુ આદિ પરવસ્તુને કદી સ્પર્શતો જ નથી. કારણ કે આત્મામાં તો પરનો અત્યંત અભાવ છે. અહીં તો પર્યાયને દ્રવ્ય અડતું—સ્પર્શતું નથી—એમ કહે છે. પર્યાય દ્રવ્યને પણ જાણે છે અને પોતાને પણ જાણે છે, અહીં નિર્મળ પર્યાયની—મોક્ષમાર્ગની પર્યાયની વાત કરે છે, મલિન પર્યાયનો નિષેધ તો કષાયની વાત કરી તે બોલમાં લીધી હતી, તેની તો અહીં વાત નથી. પોતાની મોક્ષમાર્ગની—નિર્મળ પર્યાય છે તેને દ્રવ્ય સ્પર્શ કરતું નથી, અડતું નથી— એમ કહીને અવ્યક્તને સિદ્ધ કરવું છે. અવ્યક્ત જે દ્રવ્ય છે તે પર્યાયને અડતું—સ્પર્શતું—ચુંબતું નથી તે કારણથી તે ભિન્ન—અવ્યક્ત છે. અવ્યક્ત છે તે વ્યક્તને સ્પર્શતું નથી તે કારણથી વ્યક્તથી અવ્યક્ત ભિન્ન છે. ભાઈ ! આ વાત બહુ ઝીણી—સૂક્ષ્મ છે પણ સમજવા જેવી છે.

મોક્ષમહલકી પ્રથમ સીઢ़ी સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તો સમ્યગ્દર્શનનો વિષય અવ્યક્ત છે તે અહીં સિદ્ધ કરે છે; તે સમ્યગ્દર્શન પર્યાય છે અને પર્યાયમાં અવ્યક્તની પ્રતીતિ થાય છે. શ્રી ચિદ્દવિલાસમાં કહ્યું છે કે અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે છતાં નિત્ય અનિત્યને સ્પર્શતું નથી. શરીર કુટુંબ દેશ આદિ તારું છે નહિ, તારી વસ્તુમાં પણ છે નહિ પણ તે 'મારું છે' એવી મમતાના પરિણામ પણ તારી વસ્તુમાં નથી; એ પરિણામ તો તારી વસ્તુમાં નથી પણ જ્યાં વસ્તુનું ભાન થયું કે જ્ઞાનાનંદ સહજાનંદ

સ્વરૂપ પ્રભુ તે હું છું–એવું પર્યાયમાં જ્યાં જ્ઞાન થયું ત્યાં પર્યાયનું જ્ઞાન ને અવ્યક્તનું પણ જ્ઞાન થયું, પણ તે અવ્યક્ત વ્યક્તને સ્પર્શતું નથી,—એમ જાણ !

આત્મદ્રવ્ય નિત્યાનંદ પ્રભુ એકરૂપ ત્રિકાળ રહે છે તે કોઈ પણ નિર્મળ પર્યાયને પણ સ્પર્શતું નથી. કેવળજ્ઞાનની પર્યાય હો તોપણ દ્રવ્ય તે કેવળજ્ઞાનની પર્યાયને અડતું નથી. કેવળજ્ઞાન કેવળજ્ઞાનને જાણે, કેવળજ્ઞાન દ્રવ્ય–ગુણને જાણે, જાણવામાં આવે છતાં તે કેવળજ્ઞાનની પર્યાય એક સમયની છે અને ભગવાન આત્મા તો નિત્યાનંદ અવિનાશી છે; તે અવિનાશી ભગવાન વિનાશીક પર્યાયને સ્પર્શતો નથી. અવિનાશીનો નિર્ણય, અવિનાશીનું જ્ઞાન અને અવિનાશીમાં સ્થિરતા—એ ત્રણેને દ્રવ્ય સ્પર્શતું નથી.

અરેરે ! વેપારધંધા આડે ક્યારે નવરાશ મેળવીને આ સમજવું ? નવરાશ ન મળે તો શું કરવું ! અરેરે ! જન્મ–મરણ કરતાં કરતાં આ અવસર ચાલ્યો જાય છે. આહાહા ! મનુષ્યપણાનો એક એક સમય જે કૌસ્તુભમણિ જેવો અમૂલ્ય છે તે ચાલ્યો જાય છે. કૌસ્તુભમણિની કિંમત કરે પણ આ મનુષ્યપણાના સમયની કિંમત કરતો નથી. આત્માના અનુભવ માટે આ મનુષ્યભવનો એક એક સમય છે પણ તેનો તે વિચાર કરતો નથી.

વ્યક્તતા એટલે પ્રગટ નિર્મળ પર્યાયો તથા અવ્યક્ત એટલે દ્રવ્ય તે બન્નેનો એકરૂપ પ્રતિભાસ–પર્યાયમાં બન્નેનું જ્ઞાન થવા છતાં અવ્યક્ત દ્રવ્ય વ્યક્તતાને સ્પર્શ કરતું નથી. જો એક સમયમાત્ર પણ એકમેક થઈને સ્પર્શ કરે તો તો બે સત્ રહેતા નથી. શ્રી જયસેનાચાર્યે ગાથા ૩૨૦મા પણ એમ કહ્યું છે કે ધર્મી જીવને વર્તમાન નિર્મળ જ્ઞાનની પર્યાય થઈ તેનું તે ધ્યાન કરતો નથી. નિરાવરણ, ત્રિકાળ, અખંડ, જ્ઞાયક એકરૂપ છું તેનું ધ્યાન કરે છે. ભલે ધ્યાન તે પર્યાય છે પણ પર્યાયનું ધ્યેય, ધ્યાનનું ધ્યેય ધ્રુવ છે. એ ધ્રુવ ધ્યાનનું ધ્યેય હોવા છતાં અને જ્ઞાનની પર્યાયમાં એ ધ્રુવનું જ્ઞાન આવવા છતાં પણ ધ્રુવ પર્યાયમાં નથી આવતું. દ્રવ્ય ને પર્યાયનું જ્ઞાન એક સાથે થવા છતાં દ્રવ્ય પર્યાયને સ્પર્શતું–અડતું નથી.

અહીં સાધક જીવની વાત છે. જાણ એમ કહે છે તે સાધકને કહે છે, કાંઈ કેવળીને કહેતા નથી. નય સાધકજીવને હોય છે, કેવળીભગવાનને નય હોતી નથી, એને તો પૂર્ણ કેવળજ્ઞાન થઈ ગયું છે. નીચે જે શ્રુતજ્ઞાની છે તેને બે નય પડે છે, એક પર્યાયનય અને બીજી દ્રવ્યનય; તો પર્યાયનયમાં–પર્યાયમાં દ્રવ્ય ને પર્યાયનું જ્ઞાન હોવા છતાં પર્યાયને પર્યાયવાન અડતો–સ્પર્શતો નથી. ભગવાન આત્મા નિત્યપ્રભુ અનિત્ય પર્યાયને સ્પર્શતો નથી. અજબગજબની વાત છે ને ! પોતાની પર્યાયને સ્પર્શતો નથી ! તો પરને સ્પર્શે એ વાત તો છે જ નહીં.

અલિંગગ્રહણના ૨૦મા બોલમાં એમ કહ્યું કે ભૂતકાળમાં જે હતું તે જ આ છે એવા પ્રત્યભિજ્ઞાનનું કારણ જે દ્રવ્યસામાન્ય તેને શુદ્ધપર્યાય સ્પર્શતો નથી. અહીં પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી એમ કહે છે. ત્યાં કહ્યું કે ત્રિકાળી ભગવાન જે કાલે હતો તે આ છે, આ છે—એવું જે ત્રિકાળી સામાન્યસ્વરૂપ ધ્રુવ દ્રવ્ય તેને નહીં સ્પર્શતો નિર્મળ પર્યાય તે આત્મા છે તેમ કહ્યું છે. અહીં પર્યાયને સ્પર્શતો નથી તે અવ્યક્ત છે—એમ કહે છે. આ તો અગમનિગમની વાતો છે, બધે પડખેથી સમજવું પડશે. જેમ હળદરના ગાંઠીયાથી ગાંધી ન થવાય તેમ થોડા બોલ આવડે તો બધું સમજી જવાય—એમ નથી. ત્યાં ૨૦મા બોલમાં કહ્યું કે ભગવાન આત્મા દ્રવ્ય છે તે વેદનમાં તો આવતો નથી, અમને વેદનમાં આવે છે તે પર્યાય જ અમારી વસ્તુ છે.

અહીં દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી એમ કહ્યું છે ને ૨૦મા બોલમાં પર્યાયવિશેષ છે તે દ્રવ્યને સ્પર્શતું નથી એમ કહ્યું છે, કારણ કે અમારી પર્યાયમાં જે આનંદનું વેદન આવ્યું તે વેદન જ હું છું, અમને વેદનમાં જે આવ્યું તે પર્યાય જ હું છું. વખારમાં ગમે તેટલો માલ પડ્યો હોય પણ ખાવામાં જે માલ આવે તેટલો જ માલ જેમ માને છે તેમ દ્રવ્યમાં ગમે તેટલી શક્તિ હોય પણ પર્યાયમાં જે વેદનમાં આવે તેટલો જ હું છું એમ માને છે. આ તો પરમ સત્ય સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ પરમાત્માની સીધી વાણી છે, ગણધરો અને ઈન્દ્રોની વચ્ચે આ વાણી નીકળતી હતી, એ વાણી શ્રીમદ્ કુંદકુંદાચાર્ય અહીં લાવ્યા છે. જગતના ભાગ્ય છે કે સમયસાર પ્રાભૃત બનાવીને ભેટ આપ્યું. પ્રભુ ! તને આત્મા ભેટ આપ્યો, તારી ત્રિકાળી વસ્તુ તને ભેટ આપે છે, તેની દૃષ્ટિ કર તો તને ભેટ મળી ગઈ. એ આ સમયસાર છે.

શ્રી સમયસારશાસ્ત્રની ત્રીજી ગાથામાં એમ કહે કે પોતાના દ્રવ્ય—ગુણ—પર્યાયને ચુંબે—સ્પર્શે છે, અહીં એમ કહે છે કે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી, અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં એમ કહે કે શુદ્ધ પર્યાયમાત્ર આત્મા દ્રવ્યને સ્પર્શતો નથી, અહીં કહે છે કે વ્યક્તને સ્પર્શતો નથી, પર્યાયને સ્પર્શતો નથી. દ્રવ્ય તો છે ને ! છે તે પોતે પોતામાં છે તેથી દ્રવ્યને સ્પર્શે છે એમ કહેવાય છે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક રચિત સ્વાત્માનુભવમનનમાં કહે છે કે છ દ્રવ્યથી ભિન્ન આત્મા સપ્તમ થઈ જાય છે. પોતાના આનંદસ્વરૂપના વેદનમાં પરથી ભિન્ન થઈને આત્મા એકલો રહે છે. તેમાં પણ બે પ્રકાર છે ! આનંદની પર્યાયને દ્રવ્ય સ્પર્શ કરતું નથી, અને દ્રવ્યને શુદ્ધ પર્યાયમાત્ર આત્મા સ્પર્શ કરતો નથી.

શ્રી ચારિત્રપાહુડમાં ચારિત્રદશાને અક્ષયઅમેય કહ્યું છે. ત્યાં દશાની વાત કરી છે, દ્રવ્ય ને ગુણ તો જે છે તે છે. અક્ષયઅમેય એવી વસ્તુ જે છે ક્ષય ન પામે ને

મર્યાદારહિત વસ્તુ જે આ ભગવાન છે તેનું જે જ્ઞાન, દર્શન ને ચારિત્રરૂપ પર્યાય થઈ એ પણ અક્ષય અમેય થઈ, તે ક્ષય–નાશ રહિત છે, કાયમ રહેવાવાળી છે. અહીં અવ્યક્તના બોલમાં તે કાયમ રહેવાવાળી પર્યાયને એક સમયની ગણવામાં આવી છે ને તેને દ્રવ્ય અડતું નથી એમ કહ્યું છે. અવ્યક્તને જાણ–એમ કહ્યું છે ત્યાં દ્રવ્ય ઉપર જોર આપે છે. બન્ને જાણવાનું કહ્યું છે ખરું પણ વ્યક્તને સ્પર્શતું નથી એવી વસ્તુને–અવ્યક્તને જાણવાનું કહ્યું છે. પ્રગટ નિર્મળ પર્યાય અને અપ્રગટ દ્રવ્ય–આ બેને જાણવા છતાં જે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી, અડતું નથી એવા અવ્યક્તને હે શિષ્ય ! તું જાણ આહાહા ! દિગંબર સંતોની વાણી તો તીર્થંકર પરમાત્માના ઘરની વાણી છે.

૨૦મા બોલમાં કહ્યું કે વેદનમાં આવે તે આત્મા. સામાન્ય ત્રિકાળી દ્રવ્ય છે તે ધ્રુવ છે અને ધ્રુવનો અનુભવ તો હોતો નથી, ધ્રુવનું વેદન તો થતું નથી. છતાં ક્યારેક એમ કહેવાય છે કે ધ્રુવનો અનુભવ કર; ત્યાં કહેવાનો આશય એમ છે કે જે પર્યાયમાં રાગ તરફનો દુઃખનો અનુભવ હતો તે છોડીને ધ્રુવ તરફ વાળીને આનંદનો અનુભવ કર. ત્યાં ધ્રુવનો અનુભવ થયો એમ કહેવામાં આવે છે પણ ધ્રુવ વસ્તુ છે તે વેદનમાં આવતી નથી. ક્યારેક એમ કથનમાં આવે કે 'જ્ઞાયકનો આવિર્ભાવ થયો'' ત્યાં જ્ઞાયક વસ્તુ છે તે છે જ, વસ્તુમાં આવિર્ભાવ ને તિરોભાવ છે જ નહીં, પણ જ્યાં સમ્યગ્દર્શન થયું કે આ તો અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ છે–એવું ભાન થયું ત્યારે જ્ઞાયકભાવનો જે ખ્યાલ ન હતો તે ખ્યાલ આવ્યો ત્યારે ''જ્ઞાયકભાવ આવિર્ભાવ થયો'' ''જ્ઞાયકભાવ પ્રગટ થયો'' એમ કહેવામાં આવે છે. શું જ્ઞાયકભાવ પ્રગટ થાય છે ? પ્રગટ તો પર્યાય થાય છે છતાં ભાષામાં એમ જ આવે છે. જ્યાં સુધી રાગની એકતા છે, એક સમયની પર્યાયમાં પણ જ્યાં સુધી મૂઢતા છે ત્યાં સુધી દ્રવ્યને જાણતો નથી માટે ત્યાં સુધી દ્રવ્ય તિરોભૂત છે, દ્રવ્ય ઢંકાઈ ગયું છે એમ કહેવાય છે.

અહીં કહે છે કે વ્યક્તને દ્રવ્ય સ્પર્શતું નથી. અલિંગગ્રહણના ૨૦મા બોલમાં કહ્યું કે શુદ્ધ પર્યાયમાત્ર આત્મા દ્રવ્યને સ્પર્શતો નથી. શ્રી સમયસાર ગાથા ૩મા કહ્યું કે પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેને સ્પર્શે છે–ચુંબે છે, તો કઈ નયથી કથન છે તે બરાબર સમજવું જોઈએ. ત્રીજી ગાથામાં તો પરદ્રવ્યથી ભિન્ન સિદ્ધ કરવું છે. ૧૮–૧૯–૨૦મા બોલમાં પર્યાય ને દ્રવ્ય બન્નેને ભિન્ન સિદ્ધ કરવા છે અને અહીં પણ બન્નેને ભિન્ન સિદ્ધ કરવા છે. શાંતિથી વાંચીને વિચાર કરે તો એમ થાય કે માર્ગ આમ જ છે, બીજી રીતે હોય જ નહીં. આજે માનો કે કાલે માનો, કબૂલ કર્યે છૂટકો છે. દિગંબર સંતોએ ટૂંકામાં પણ ઘણી ગંભીર વાત કરી છે. દિગંબર સંતો પરમાત્માના

કેડાયતો છે, એકાદ ભવમાં મુક્તિ લેવાવાળા છે, એકાદ ભવમાં નમો સિદ્ધાણમ્ માં ભળી જવાના છે, એવા સંતોની આ વાણી કરુણા કરીને આવી છે.

એક સમયની પર્યાયમાં ધ્રુવનું જ્ઞાન ને પર્યાયનું જ્ઞાન મિશ્રિત છે. ધ્રુવ એક સમયની પર્યાયમાં આવતું નથી પણ એનું જ્ઞાન છે. શ્રી સમયસારશાસ્ત્રની ગાથા ૧૭–૧૮મા આવે છે કે દરેક જીવને પોતાની પર્યાયમાં દ્રવ્ય જ જાણવામાં આવે છે, જ્ઞાયક છે તે પર્યાયમાં આવતો નથી પણ પર્યાયમાં જ્ઞાયકનું જ્ઞાન થાય જ છે. પરંતુ અજ્ઞાનીની દૃષ્ટિ રાગ, નિમિત્ત ને પર્યાય ઉપર છે તેથી જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયકનું જ્ઞાન થવા છતાં પરનું જ્ઞાન કરું છું—એમ અજ્ઞાની ભ્રમણા કરે છે.

ભગવાન આત્મા એક સમયની જ્ઞાનની અવસ્થામાં બધાને–સ્વ-પરને જાણે છે. સ્વ-પર પ્રકાશક શક્તિ જ્ઞાનની દરેક પર્યાયમાં છે તેથી સ્વજ્ઞેય એવો પોતાનો આત્મા સ્વ-પ્રકાશક પર્યાયમાં જણાય જ છે; પણ દૃષ્ટિ તે તરફ ન હોવાથી વર્તમાન પર્યાય ને રાગ ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયમાં સ્વજ્ઞેય જણાતું હોવા છતાં તે જણાતું જ નથી એમ અજ્ઞાની માને છે.

અહીં તો કહે છે કે પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન ને પર્યાયનું જ્ઞાન તો થાય છે છતાં દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. જેમાં પોતાનું જ્ઞાન છે એવી જ્ઞાનપર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. આહાહા! ગજબ વાત છે ને! આ તો થોડું લખ્યું ઘણું કરીને જાણજો–એવી વાત છે. જેનું લક્ષણ સ્વ-પર–પ્રકાશક છે એ લક્ષણ ક્યાં જાય? જાગતી પર્યાયમાં જાગતા જીવનું જ્ઞાન થાય છે ને છતાં તારી દૃષ્ટિમાં અનાદિથી પર ઉપર લક્ષ હોવાથી પર્યાયમૂઢ થઈ રહ્યો છો. પર્યાયમાં દ્રવ્ય જાણવા છતાં પર્યાયમૂઢ થઈ ગયો છો.

અહીં સિદ્ધ તો અવ્યક્તને કરવું છે. વ્યક્ત ને અવ્યક્તનું જ્ઞાન કરાવીને સિદ્ધ તો અવ્યક્તને કરવું છે. આ અવ્યક્ત છે તે જ ઉપાદેય કરવાનું કહે છે. ઉપાદેય કરવાવાળી તો પર્યાય છે. જેને દ્રવ્ય સ્પર્શતું નથી એ પર્યાયમાં આ ઉપાદેય છે એમ માનવાનું કહે છે. ભાષા સાદી આવે છે. ચાર ચોપડીનો ભણેલો હોય તે પણ આ સમજી શકે તેમ છે. આ બધું જાણવામાં ને માનવામાં ઘણા શાસ્ત્રોનો અભ્યાસ હોય તો જ જાણી શકાય એવું નથી. આ તો અંતરની રુચિમાં પોષાય તો સમજાય એવું છે. કહે છે કે એક સમયની પર્યાયમાં વ્યક્તનું ને અવ્યક્તનું મિશ્રિતરૂપે જ્ઞાન થવા છતાં જે વ્યક્તને સ્પર્શતો નથી તે અવ્યક્ત છે અને તે જ ઉપાદેય છે. વિશેષ કહેવાશે.

[ક્રમશઃ]

*

# ❀ ઉત્તમ પુરુષોનો સ્વભાવ ❀

(શ્રી નાટકસમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં–૯૨)

શ્રી સમયસાર નાટકનો આ બંધ અધિકાર છે તેમાં બનારસીદાસજી ચાર પ્રકારના પુરુષનું વર્ણન કરે છે. ૧૮મુ પદ્ય છે.

'ઉત્તમ, મધ્યમ, અધમ અને અધમાધમજીવનો સ્વભાવ'

उत्तम पुरुषकी दसा ज्यों किसमिस दाख,
बाहिज अभिंतर विरागी मृदु अंग है।
मध्यम पुरुष नारिअरकीसी भांति लियैं,
बाहिज कठिन होय कोमल तरंग है।।
अधम पुरुष बदरीफल समान जाकैं,
बाहिरसे दीखै नरमाई दिल संग है।
अधमसैं अधम पुरुष पूंगीफल सम,
अंतरंग बांहिज कठोर सरवंग है।।१८।।

અર્થ :—ઉત્તમ મનુષ્યનો સ્વભાવ અંતરમાં અને બહારમાં કિસમિસ દ્રાક્ષ જેવો કોમળ હોય છે. મધ્યમપુરુષનો સ્વભાવ નાળિયેર સમાન બહારમાં તો કઠોર (અભિમાની) અને અંદરથી કોમળ રહે છે. અધમપુરુષનો સ્વભાવ બોર જેવો બહારથી કોમળ પણ અંદરથી કઠોર રહે છે અને અધમાધમ પુરુષનો સ્વભાવ સોપારી જેવો અંદર અને બહારથી સર્વાંગે કઠોર રહે છે.

ઉત્તમ પુરુષની દશા કિસમિસ જેવી મૃદુ છે એટલે કે અંદરમાં વીતરાગતા છે અને બહારમાં પણ શાંતિ છે, કષાયને વશ નથી. અંદરમાં ભેદજ્ઞાન વર્તે છે સાથે કષાયની ઘણી મંદતા છે તેને અહીં ઉત્તમ પુરુષ કહે છે.

મધ્યમપુરુષ નાળિયેર જેવા હોય છે. જેમ નાળિયેર અંદરથી તો કોમળ હોય પણ બહારથી કઠોર હોય છે તેમ, મધ્યમપુરુષ–જ્ઞાનીપુરુષ અંદરથી તો વૈરાગી છે, પરથી અને રાગથી વિરક્ત શાંત છે પણ બહારમાં કષાયને વશવર્તીપણું હોય છે.

અધમ પુરુષ એટલે એવા અજ્ઞાની કે જે બહારથી કોમળ હોય પણ અંદરથી બોર જેવા કઠણ હોય છે. બહારથી કષાયની મંદતા સહિત ક્રિયા કરતાં હોય પણ

અંદરમાં રાગની એક્તાબુદ્ધિની કઠોરતા હોય છે. જેમ બોર બહારથી પોચા હોય પણ અંદરનો ઠળિયો કઠણ હોય છે તેમ, બહારથી કોમળતા રાખતાં અજ્ઞાની અંદરથી પથ્થર જેવા કઠોર છે. સંગ એટલે પથ્થર, રાગની એક્તાબુદ્ધિ પથ્થર જેવી કઠણ હોય છે. બંધ અધિકારનું વર્ણન તો જુઓ !

અધમમાં અધમ પુરુષ સોપારી જેવા અંતર–બાહ્ય બંને રીતે કઠણ હોય છે. તેને અશુભભાવની એટલી તીવ્રતા હોય છે કે જ્ઞાની સજ્જન પુરુષને તે જોઈ શકતાં નથી. કઠોરતા જ કર્યા કરે છે. અધમપુરુષને બહારથી તો મંદકષાય હોય છે જ્યારે અધમાધમ ને બહારથી પણ કષાયની તીવ્રતા દેખાય છે.

'ઉત્તમ પુરુષનો સ્વભાવ'

कीचसौ कनक जाकै नीचसौ नरेस पद,
मीचसी मिताई गरुवाई जाकै गारसी।
जहरसी जोग–जाति कहरसी करामाति,
हहरसी हौस पुदगल–छवि छारसी॥
जालसौ कुटुंब काज भालसौ भुवन वास।
कालसौ कुटुंब काज लोक-लाज लारसी॥
सीठसौ सुजसु जानै बीठसौ वखत मानै,
एसी जाकी रीति ताहि वंदत बनारसी॥१॥

અર્થ :—સોનાને કાદવ સમાન, રાજપદને અત્યંત તુચ્છ, લોકોની મૈત્રીને મૃત્યુ સમાન, પ્રસંશાને ગાળ સમાન, યોગની ક્રિયાઓને ઝેર સમાન, મંત્રાદિ યુક્તિઓને દુઃખ સમાન, લૌકિક ઉન્નતિને અનર્થ સમાન, શરીરની કાંતિને રાખ સમાન, સંસારની માયાને જાળ સમાન, ઘરના નિવાસને બાણની અણી સમાન, કુટુંબના કામને કાળ સમાન, લોકલાજને લાળ સમાન, સુયશને નાકના મેલ સમાન અને ભાગ્યોદયને વિષ્ટા સમાન જે જાણે છે તે ઉત્તમપુરુષ છે તેને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે.

ભાવાર્થ એ છે કે જ્ઞાનીજીવ સાંસારિક અભ્યુદયને એક આપત્તિ જ સમજે છે.

ધર્માત્મા સમ્યગ્દષ્ટિ પુરુષો કે જે રાગમાં–પુણ્યમાં ધર્મ માનતા નથી, રાગથી જે ભિન્ન પડી ગયેલાં છે એવા ભેદજ્ઞાની જીવો कीचसौ कनक जाकैं—સોનાને કાદવ સમાન જાણે છે.

શ્રોતા :—તો જ્ઞાની સોનાને ફેંકી દેતા હશે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—રાખે કોણ અને ફેંકે કોણ ? જડ ચીજને જીવ શું કરે !

જ્ઞાનીને ઘરમાં કરોડો રૂપિયાના સોના, ચાંદી, હીરા–માણેક હોય પણ તેની દૃષ્ટિમાં તે કાદવ સમાન લાગે છે. જ્ઞાની રાજ્યપદ લઈને બેઠો હોય તો બીજાને તો તે પદ બહુ ઊંચું લાગે કે વાહ ! પાંચ પાંચ કરોડની પેદાશ અને પચાસ તો હાથી, ચતુરંગી સેના–ત્યારે જ્ઞાની તે પદવીને પણ તુચ્છ માને છે. અત્યંત તુચ્છ માને છે.

मीचसी मिताई—પરદ્રવ્યની મૈત્રી કરવી તે જ્ઞાનીને મૃત્યુ સમાન લાગે છે કારણ કે પરદ્રવ્યનો સંગ રાગની ઉત્પત્તિ કરનાર છે. મિત્રોને બોલાવવા, રાખવા, સાચવવાં–એ બધું મૃત્યુ છે. મૈત્રી કરે એટલે ઝલસાં ઉડાડવા જવું પડે. દુનિયા સાથે મૈત્રી બાંધવી તે મૃત્યુ સમાન છે. કેટલો વૈરાગ્ય છે ! સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્યની મિત્રતા કરવી એ તો મૃત્યુ છે. ચક્રવર્તીને ઇન્દ્ર સાથે મિત્રતા હોય છે. હીરાના સિંહાસન ઉપર ચક્રવર્તી બેઠા હોય અને બાજુમાં ઇન્દ્ર આવીને બેસે એ પણ એકાવતારી હોય છે પણ અહીં તો વિશેષ કષાયની મંદતાવાળા જ્ઞાની લીધા છે કે જેને મિત્રતા નિભાવવી તે પણ મૃત્યુ જેવી લાગે છે. અતીન્દ્રિય આનંદના સ્વાદીયા એવા જ્ઞાનીને જગતના જીવો સાથે મૈત્રી કરવી તે મૃત્યુ જેવી લાગે છે.

गरुपाइ जाकै गारसी—પ્રસંશા જેને ગાળ સમાન લાગે છે. અમારા સંઘમાં તમે જ મોટાં છો, મહાન છો,... વગેરે પ્રસંશા થાય ત્યાં અજ્ઞાની તો ફુલાઈ જાય પણ જ્ઞાનીને તે પ્રસંશા ગાળ જેવી લાગે છે. કોઈ મોટપ આપે તેને સ્વીકારતાં નથી. આ તો દુનિયાની ઊંધી વાત છે. દુનિયા તો ક્યાંય અજ્ઞાનના અંધારામાં પડી છે અને જ્ઞાનીને અંતરમાં જ્ઞાનનો પ્રકાશ છે તેથી અતીન્દ્રિયવસ્તુને અનુભવનારા જ્ઞાનીને દુનિયાની મોટપમાં મોટપ ભાસતી નથી.

जहरसी जोग–जाति....। —જ્ઞાનીને આત્માના આનંદ સાથે યોગનું જોડાણ થયું છે તેને બાહ્ય યોગ ઝેર જેવો લાગે છે. આમ યોગ કરશો તો નીરોગતા થશે, આમ કરશો તો વચનસિદ્ધિ થશે, એવા દેહના યોગ જ્ઞાનીને પોસાતાં નથી. જે શુભાશુભને ઝેર માને છે તેને દેહના યોગોની પ્રીતિ ક્યાંથી હોય ! જે ભાવે તીર્થંકર પ્રકૃતિનો બંધ થાય તે ભાવને પણ ધર્મી ઝેર જાણે છે. 'તીર્થંકર' નામ પડે ત્યાં દુનિયા તો ખુશી ખુશી થઈ જાય—તે ભાવને ધર્મી ઝેર જેવા દુઃખરૂપ જાણે છે. મંત્ર આદિની સાધના વડે કરામતો કરવી તેને ધર્મી દુઃખરૂપ માને છે.

અમારી પાસે એક માણસ–મંત્રસાધક આવ્યો હતો કે તમે કાંઈ મંત્ર જાણો છો ? કીધું, અમારી પાસે આત્માના મંત્ર સિવાય કોઈ મંત્ર નથી. અમને કોઈ મંત્રોની સાધનામાં રસ નથી. વીતરાગ સર્વજ્ઞદેવની માન્યતા સિવાય બધાં ભ્રમણના માર્ગ છે.

શરીરની નીરોગતા માટે મંત્ર સાધે પણ ભાઈ! શરીર તો શાતાના ઉદય પ્રમાણે રહેવાનું છે. આમ કરશું તો આમ થશે અને આમ નહિ કરીએ તો આમ થશે—એવી બધી ભ્રમણાઓથી અજ્ઞાની દુઃખી છે.

લૌકિક ઉન્નતિ અનર્થ સમાન છે. ઘરમાં આઠ આઠ દીકરા અને સારા ઘરની વહુઓ હોય, બે પાંચ લાખના મકાન હોય, બે–પાંચ કરોડની મૂડી હોય... તો લૌકિકદૃષ્ટિમાં ઉન્નતિ કરી કહેવાય પણ તેમાં ધૂળેય ઉન્નતિ નથી. ધર્મી તો તેમાં અનર્થ માને છે. અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ થાય તેને ધર્મી પોતાની ઉન્નતિ સમજે છે. જેને અતીન્દ્રિય આનંદના નાથનું ભાન નથી તે જ બાહ્ય ઉન્નતિને ઉન્નતિ માને છે કે ભારતના આટલા ઉદ્યોગપતિઓમાં અમારો નંબર આગળ છે એમ હરખ કરીને અજ્ઞાનને સેવે છે.

पुदगल–छवि छारसी। શરીરની સુંદરતા રાખ સમાન છે. શરીર કાળુ હોય કે રૂપાળુ હોય પણ એ રાખનો ઢગલો છે. શરીર ઉપર શણગાર એ મડદાના શણગાર છે તેમાં લોકો લાખો રૂપિયા ખર્ચી નાંખે છે. जालसौ जगविलास—આડતિયાં વધ્યાં, દુકાન વધી, ગ્રાહકો વધ્યાં એ બધી જગતની માયા ધર્મીને જંજાળ લાગે છે. નાની પોસ્ટમાંથી આગળ વધતાં વધતાં મોટી પોસ્ટ ઉપર આવી જાય તો જાણે અમે 'કાંઈ વધ્યાં' એમ લાગે પણ એ તો વિષ્ટાના નાના ઢગલામાંથી મોટા ઢગલાં ઉપર બેઠો છે. ગામડામાં પહેલાં એવો રિવાજ હતો કે ખાટલામાં નવી કાથી ભરે ત્યારે પેલા કૂતરાને તેમાં રોટલો નાંખે એટલે કૂતરો ખાટલામાં બેસીને રોટલો ખાય પછી જ એ ખાટલો બધાં વાપરે–તો શું એ કૂતરો મોટો થઈ ગયો! મૂરખાઈના કાંઈ ગામ જુદાં હોય!

બાપુ! તારું સ્વરૂપ 'ચિદાનંદ' છે તેની તને પ્રતીતિ નહિ, ભરોસો નહિ, તેની કિંમત નહિ અને જગતની ચીજોની કિંમત કરવા ગયો ત્યાં હેરાન થઈ ગયો.

भालसौं भुवनवास—ઘરનો નિવાસ બાણની અણી જેવો લાગે છે. પાંચ–દસ લાખના કે તેથી પણ વધારે કિંમતના બંગલા બનાવ્યા હોય અને તેમાં વાસ્તામાં ધામધૂમ કરે ત્યારે લોકોમાં તો બહું સારૂં લાગે પણ જ્ઞાનીને એ સ્મશાનમાં લાડવા જેવું લાગે છે. નિજઘરમાં વાસ્તુ એ ખરું વાસ્તુ છે. બાકી આ સંસારના ઘરમાં રહેવું એ તો ધર્મીને ભાલાની અણી ઉપર રહેવા જેવું લાગે છે.

કુટુંબના કાર્યો ધર્મીને કાળ જેવા લાગે છે. પોતે ધર્મી હોય પણ કુટુંબની વચ્ચે રહ્યો હોય એટલે કામ તો કરવા પડે પણ કાળ સમાન લાગે. ઘરમાં દીકરાના લગ્ન કરવા હોય, પાંચ લાખ વાપરવાના હોય, પહેરામણી કરવી હોય, ચાંદીના થાળમાં

સવાશેર બરફી નાતમાં ઘરે ઘરે આપવી છે અને ઘરમાં તમે મોટા છો માટે આ કામ તમારે કરવાનું છે એમ ઘરના લોકો ધર્મીને કહે તો કામ કરવું પડે પણ ધર્મીને એ કાળ જેવું લાગે. એ તો આત્માના આનંદનો રસિયો એ તેના રસની જાત જ ફરી ગઈ છે.

લોકલાજ ધર્મીને મોઢાની લાળ જેવી લાગે છે. લોકલાજથી આત્માને શું લાભ ! લોકલાજ કાંઈ ઘરેણે મૂકાય એમ છે કે લોકોમાં તમારી આબરૂ બહુ સારી છે માટે મરીને સારાં ઠેકાણે જશે. અરે ! એ તો લાળ છે. પૂર્વના પુણ્યયોગે આબરૂ સારી હોય તેથી શું ! નાના બાળક હોય તે લાળને મોઢામાં પાછી ચૂસી જાય પણ મોટા તેને ચૂસે ? તેમ લોકલાજ અજ્ઞાનીને સારી લાગે પણ જ્ઞાનીને તે ન રુચે. તમે તો તમારા પિતાજી કરતાં પણ સવાયુ કામ કર્યું છે, આબરૂ બહુ વધારી છે એમ કોઈ કહે ત્યાં અજ્ઞાની–મૂર્ખ ખુશી ખુશી થઈ જાય પણ એલા ! આત્માના ભાન વિના બહારની આબરૂ તને તારા હિતમાં કાંઈ કામ નહિ લાગે. એકલી આકુળતાનું કારણ થશે.

ચૈતન્યની શાંતિ એ આત્માની આબરૂ છે. બહારની આબરૂ કે પદવી વધવાથી આત્મામાં કાંઈ વૃદ્ધિ થતી નથી. મોટી મોટી ડિગ્રી આચાર્યપદવી અને નામના મળવાથી આત્મામાં શું વધ્યું ! અંતરની શાંતિ વધે તે આત્માની વૃદ્ધિ છે.

સુયશને ધર્મી નાકના મેલ સમાન માને છે. કોઈ બહુ જસ આપતાં હોય, આબરૂ વધતી હોય તેને ધર્મી નાકના મેલ સમાન તુચ્છ સમજે છે. જેમ નાકનો મેલ રાખવા યોગ્ય નથી, છોડવા યોગ્ય છે, તેમ ધર્મી સુયશ આદિને પોતાના માનીને રાખતાં નથી. લૌકિકમાં તો ‘જસ’ની બહુ મહિમા હોય, જીવ જાય તો ભલે જાય પણ જસ–યશ રહેવો જોઈએ—યશમાં મારાપણું માનનારની દશા એવી હોય છે.

બીઠસૌં વખત માનૈં—ધર્મી ભાગ્યોદયને વિષ્ટા સમાન જાણે છે. દીકરા કમાઉ હોય, દીકરી સારા ઘરે પરણી હોય, દલાલ સારા મળ્યાં હોય... તો એમ માને કે હમણાં અમારો ‘વખત’ સારો છે અથવા ભાગ્યો ઉદય છે એમ અજ્ઞાની માને છે પણ સમ્યગ્દૃષ્ટિ શું માને છે ?—

**ચક્રવર્તીકી સંપદા, ઇન્દ્ર સરીખા ભોગ,**
**કાગવીટ સમ જાનત હૈ, સમ્યગ્દૃષ્ટિ લોગ.**

આવી દશાવાળા સમ્યગ્દૃષ્ટિને બનારસીદાસજી કહે છે કે હું વંદન કરું છું. ધર્મી કોને કહીએ ?—કે જે આત્માના આનંદના અનુભવી છે તે ધર્મી છે–સમકિતી છે. તે સાંસારિક અભ્યુદયને તો આપત્તિ માને છે. ધર્મીને ઋદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ આદિ

બધું અંદર આત્મામાં દેખાય છે તેથી બહારમાં તો બધું આપત્તિરૂપ લાગે છે. છખંડના રાજ્યને પણ ધર્મી પોતાની માનતાં નથી, વિષ્ટા સમાન જાણે છે. પુણ્યયોગે સ્વર્ગમાં જવું પડે તો ધર્મી તેને પોતાનો અપરાધ માને છે કે અરે! મેં પુણ્યનો અપરાધ કર્યો તેથી આ સ્વર્ગની જેલમાં આવવું પડ્યું.

આમ તો ધર્મીએ રાગથી ભિન્ન પડીને આત્માની મુક્તદશા જોઈ ત્યારથી પોતાને મુક્ત જ જુએ છે. स मुक्त एव। શરીરના રજકણથી તો આત્મા જુદો જ છે માટે સદાય મુક્ત છે અને રાગાદિ વિભાવથી પણ સ્વરૂપે જુદો છે માટે મુક્ત છે. આવા મુક્તસ્વરૂપ ભગવાન આત્માનું જ્ઞાન અને રાગની મંદતાની દશામાં જ્ઞાનીને સંસારીની પદવીઓ, શોભાઓ અને સંસારીભાવો આપત્તિ જેવા લાગે છે.

આ ઉત્તમ પ્રકારના જ્ઞાનીની દશાની વાત હતી, હવે મધ્યમ પ્રકારના જ્ઞાની પુરુષોના સ્વભાવની વાત દ્રષ્ટાંત આપીને બતાવે છે.

'મધ્યમ પુરુષનો સ્વભાવ'

जैसैं कोउ सुभट सुभाइ ठग—मूर खाइ,
चेरा भयौ ठगनीके घेरामें रहतु है।
ठगौरी उतरी गइ तबै ताहि सुधि भई,
परयौं परवस नाना संकट सहतु है॥
तैसेही अनादिकौ मिथ्याती जीव जगतमैं,
डोलै आठौं जाम विसराम न गहतु है।
ग्यानकला भासी भयौ अंतर उदासी पै,
तथापि उदै व्याधिसौं समाधि न लहतु है॥२०॥

અર્થ :—જેવી રીતે કોઈ સજ્જનને કોઈ જડીબૂટ્ટી ખવડાવી દે તો તે મનુષ્ય ઠગોનો દાસ બની જાય છે અને તે ઠગોની આજ્ઞા પ્રમાણે ચાલે છે. પરંતુ જ્યારે બૂટ્ટીની અસર મટી જાય છે અને તેને ભાન આવે છે ત્યારે ઠગોને ભલાં ન જાણતો હોવા છતાં પણ તેમને આધીન રહીને અનેક પ્રકારના કષ્ટો સહન કરે છે. તેવી જ રીતે અનાદિકાળનો મિથ્યાદૃષ્ટિ જીવ સંસારમાં હંમેશા ભટકતો ફરે છે અને ચેન પામતો નથી. પરંતુ જ્યારે જ્ઞાનજ્યોતિનો વિકાસ થાય છે ત્યારે અંતરંગમાં જોકે વિરક્તભાવ રહે છે તોપણ કર્મોદયની પ્રબળતાના કારણે શાંતિ મેળવતો નથી.

ઉત્તમ પુરુષને સમ્યગ્જ્ઞાન સહિત વિશેષ સ્થિરતા છે પણ મધ્યમ પુરુષને એટલી સ્થિરતા નથી–રાગમાં જોડાણ છે તેથી સ્વરૂપમાં સ્થિરતા થતી નથી. (ક્રમશઃ)

# રાગ હોવા છતાં, સમકિતીની દૃષ્ટિ નિજ પરિણતિ પર છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં.–૧૧૧)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૬૧ ગાથાનો ભાવાર્થ છે.

ભાવાર્થ :—સમ્યક્ત્વપૂર્વક જે દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ કરે છે તેને મુખ્ય તો પુણ્ય જ થાય છે અને પરંપરા મોક્ષ થાય છે.

સમ્યગ્દૃષ્ટિ પોતાના અતીન્દ્રિય આનંદના પિપાસુ છે, સમકિતીને શુદ્ધાત્માની દૃષ્ટિ થઈ છે પણ અતીન્દ્રિય આનંદ પૂર્ણ પ્રગટ થયો નથી. શુદ્ધતાથી ભરેલા આત્મતત્ત્વમાં એકત્વ થયું છે પણ અતીન્દ્રિય આનંદની પૂર્ણતા નથી ત્યાં સુધી સમકિતી કે શ્રાવકને દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિના ભાવ આવે છે તેથી ભક્તિ કરતાં તેને પુણ્ય થાય છે પછી તે રાગને પણ ઘટાડીને ક્રમે ક્રમે પૂર્ણતાને પામશે–મોક્ષ પ્રાપ્ત કરશે. વર્તમાનમાં તો દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ભક્તિનો ઉલ્લાસ આવ્યા વિના રહેતો નથી તેથી મુખ્યપણે પુણ્ય બંધાય છે.

જે જીવ સમ્યક્ત્વથી રહિત મિથ્યાદૃષ્ટિ છે તેને ભાવ-ભક્તિ તો નથી કારણ કે રાગરહિત શુદ્ધસ્વભાવની તેને દૃષ્ટિ નથી, તેથી વીતરાગ પ્રત્યે ખરી ભક્તિ તો તેને આવતી નથી માત્ર લૌકિક બાહ્ય ભક્તિ હોય છે. નિજપરમાત્માની ઓળખાણ વિના પર પરમાત્મા જે વીતરાગ છે તેની પણ તેને વીતરાગદૃષ્ટિપૂર્વક જે ભક્તિ ઊછળવી જોઈએ તે ઊછળતી નથી. શુભાશુભવિકલ્પ રહિત વસ્તુની દૃષ્ટિ વિના પૂર્ણ વીતરાગ સ્વભાવનું માહાત્મ્ય જ તેના અંતરમાં આવતું નથી. છતાં બાહ્યથી તો એ પણ ઘણી ભક્તિ કરે છે પણ અંતરની દૃષ્ટિએ તેને લૌકિક ભક્તિ કહેવામાં આવે છે તેનાથી તેને પુણ્યબંધ તો થાય છે પણ કર્મનો ક્ષય થતો નથી.

આવું કથન સાંભળીને પ્રભાકરભટ્ટ શ્રી યોગીન્દ્રદેવને પ્રશ્ન કરે છે કે હે પ્રભો ! જો પુણ્ય મુખ્યતાથી મોક્ષનું કારણ નથી તો ત્યાગવા યોગ્ય જ છે, ગ્રહણ કરવા યોગ્ય નથી તો ભરત, સગર, રામ, પાંડવ આદિ મહાપુરુષોએ નિરંતર પંચપરમેષ્ઠીનું ગુણસ્મરણ કેમ કર્યું ? અને દાન, પૂજા આદિ શુભક્રિયાઓથી પૂર્ણ થઈને પુણ્ય ઉપાર્જન કેમ કર્યું ?

'નિરંતર' શબ્દ વાપર્યો છે તે અપેક્ષાથી છે. જ્ઞાનીને ભગવાન પ્રત્યે ભક્તિની

શુભવૃત્તિ રહ્યા કરે છે પણ તેમાં નિરંતર એકાકારતા હોતી નથી, બહુમાન નિરંતર હોય છે તે અપેક્ષાથી નિરંતર ભક્તિ હોય છે એમ કહેવાય છે. જ્ઞાની પુરુષો દાન કરે છે, પૂજા કરે છે, ભક્તિ કરે છે, વીતરાગી અરિહંત, વીતરાગી સિદ્ધ, વીતરાગી સાધુઓના ગુણગ્રામ કરે છે. શા માટે? આપ તો કહો છો કે પુણ્ય ત્યાગવા યોગ્ય છે તો મહાપુરુષોએ પુણ્યનું ઉપાર્જન કેમ કર્યું? કિમિચ્છક દાન એટલે માગનાર જે માંગે તે દાન કરવું એવું પૂર્ણદાન કેમ કર્યું? પુણ્ય તો ત્યાગવા યોગ્ય છે ને! પાંચપદસ્થિત પરમેષ્ઠીની પૂજા–ભક્તિ વડે પુણ્ય ઉપાર્જન કેમ કર્યું?

શિષ્યના આ પ્રશ્નનો ગુરુ ઉત્તર આપે છે કે જેમ પરદેશમાં સ્થિત કોઈ રાજા આદિક પુરુષ પોતાની પ્યારી સીતા આદિ સ્ત્રી પાસેથી આવેલ કોઈ મનુષ્યની સાથે વાત કરે, તેનું સન્માન કરે અને દાન કરે છે તે બધું પોતાની પ્રિયા ખાતર કરે છે, કાંઈ તે માણસ માટે કરતો નથી. ભાઈ! તું ક્યાંથી આવ્યો? સીતા પાસેથી આવ્યો. તો તેની સ્થિતિ કેમ છે? એમ આદરથી પૂછે છે, સન્માન કરે છે. આમ તો તે માણસ સામે પણ જોતો ન હોય પણ પોતાની પ્રિયાના સમાચાર લઈને આવ્યો છે માટે તેનું બધી રીતે સન્માન કરે છે કાંઈ તે માણસ માટે કરતો નથી તેમ, તે ભરત ચક્રવર્તી, સગર ચક્રવર્તી, રામ, પાંડવ આદિ મહાપુરુષો વીતરાગ પરમાનંદ એકરૂપ મોક્ષલક્ષ્મીના સુખ અમૃતરસના પ્યાસા થયા થકા સંસારની સ્થિતિ છેદવા માટે, વિષય–કષાયથી ઉત્પન્ન થયેલાં આર્ત–રૌદ્ર ખોટાં ધ્યાનના નાશ માટે શ્રી પંચપરમેષ્ઠીના ગુણોનું સ્મરણ કરે છે અને દાન પૂજા આદિ કરે છે પરંતુ તેની દૃષ્ટિ કેવળ નિજ પરિણતિ ઉપર છે, પરવસ્તુ ઉપર નથી....

ભરત, સગર આદિ શલાકા પુરુષોને પુણ્યની ઋદ્ધિ કેટલી હોય છે પણ તેની જરાય મહિમા નથી. અરે! અમારી આનંદસંપદા તો અંતરમાં છે એ તો એકરૂપ પરમાનંદ મોક્ષલક્ષ્મીના અમૃતરસના પ્યાસા છે એટલે અમૃતરસ જરાય નથી માટે પ્યાસા છે એમ નહિ, નિજ પરિણતિ પ્રગટ થઈ છે તેથી અમૃતરસનો સ્વાદ તો ચાખી લીધો છે પણ પૂર્ણ અમૃતરસના પ્યાસા છે. જે ચીજને અંતરમાં જોઈ છે તેની પૂર્ણ પ્રાપ્તિની પિપાસા છે.

જુઓ! આ નિશ્ચય સમ્યગ્દર્શનનું વર્ણન છે. ભરત, રામ આદિને ઘરમાં, રાજમાં રહ્યા છતાં રાજની ભાવના નથી પણ અંતરમાં જે અતીન્દ્રિય આનંદ અનુભવ્યો છે તેની પૂર્ણતાની પિપાસા છે. પૂર્ણાનંદની તૃષા લાગી છે. તેથી સંસારની સ્થિતિ ઘટાડવા અર્થે શુભભાવ કરે છે. એકલા શુભભાવથી સંસારની સ્થિતિ ઘટતી નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન

છે અને સાથે શુભભાવ આવે છે તો સંસારની સ્થિતિ ઘટે છે.

વળી, વિષય-કષાયથી ઉત્પન્ન થયેલાં આર્ત્ત-રૌદ્રરૂપ અશુભધ્યાનના નાશ માટે, સમ્યગ્દૃષ્ટિ નિશ્ચય અનુભવ દૃષ્ટિ સહિત પંચપરમેષ્ઠીના ગુણોનું સ્મરણ આદિ કરે છે. સંસાર માટે જ્ઞાની મડદા જેવા થઈ ગયા છે. સંસારના વૈભવ પ્રત્યે કયાંય ઉત્સાહ રહ્યો નથી. એકમાત્ર મોક્ષરૂપ અમૃતરસની પિપાસા લાગી છે, શુભભાવ આવે છે પણ પુણ્યની પિપાસા નથી, રાગની પિપાસા નથી. ધર્મદૃષ્ટિ આવી હોય છે ભાઈ ! એમ ગુરુ શિષ્યને સમજાવે છે.

એકનો એક યુવાન પુત્ર હોય અને બે વર્ષના પરણેતરે ગુજરી જાય તેની માની દશા કેવી હોય ! મારો દીકરો....મારો દીકરો કરતી ઝૂરીને મરી જાય એવી માની દશા અમે જોઈ છે તેમ, ધર્મી મારો મોક્ષ.....મારો મોક્ષ એમ કરતો કરતો મોક્ષને સાધી લે છે. આત્માની પૂર્ણદશા પ્રાપ્ત કર્યે છૂટકો એવી તીવ્ર અભિલાષા સમ્યગ્દૃષ્ટિને હોય છે. ભલે વચ્ચે અશુભભાવ પણ આવે છે છતાં પૂર્ણાનંદની પ્યાસા ખસતી નથી.

વિષય-કષાયથી ઉત્પન્ન થયેલાં આર્ત્તધ્યાનના નાશ માટે એમ કહ્યું તો શું ઉત્પન્ન થયેલો ભાવ નાશ થાય છે ! ઉત્પન્ન થયો એ તો થઈ જ ગયો પણ ફરી વિશેષ ન થાય એ માટે જ્ઞાની ભગવાનની ભક્તિ, પૂજા, ગુણસ્મરણ આદિ કરે છે. ભરત, રામ, સગર આદિને ત્યાં રાજ્ય, લક્ષ્મી, સ્ત્રી આદિ વૈભવના પાર ન હતાં છતાં અરે ! અમે તો આત્મા છીએ, આ રાગ પણ અમારો નથી તો આ ચીજ કયાં અમારી હતી ! આવો ભાવ રહેવાથી તેની દૃષ્ટિ વિષય-કષાય ઉપર તો નથી પણ શુભભાવમાં પણ નથી, તેની દૃષ્ટિ તો કેવળ નિજસ્વભાવ ઉપર છે. નિજપરિણતિ ઉપર દૃષ્ટિ છે એમ કહીને નિશ્ચયસમ્યક્ત્વ બતાવ્યું છે.

ચોથા-પાંચમા ગુણસ્થાન સુધી રૌદ્રધ્યાન પણ થઈ જાય છે અને છઠ્ઠા ગુણસ્થાન સુધી આર્તધ્યાન થઈ જાય છે તે ન થાય અને આત્મામાં સ્થિરતા થાય એવી ભાવના છે તે માટે પ્રયત્ન કરે છે. પંચપરમેષ્ઠીના ગુણસ્મરણ, પૂજા, દાન, ભક્તિ આદિ ભાવ કરે છે પણ દૃષ્ટિ તો કેવળ નિજપરિણતિ ઉપર છે. નિજપરિણતિ એટલે વિકારના પરિણામ વિનાની નિર્મળ પરિણતિ ઉપર દૃષ્ટિ છે, શુભપરિણામ થાય છે તે નિજપરિણતિ નથી. જેમ હનુમાન રામને સીતાજીની વાત કરે છે તેમ શુભપરિણતિ જ્ઞાનીને નિર્મળાનંદરૂપ મોક્ષનો સંદેશો આપે છે. પંચપરમેષ્ઠી એને પૂર્ણાનંદની પરિણતિની વાત કરે છે. પાંચેય પરમેષ્ઠી જીવને મોક્ષ–મોક્ષમાર્ગ બતાવનારાં છે, છૂટવાની વાત કરે છે. ભાઈ ! તું

વીતરાગસ્વભાવથી ભરેલો છો માટે વીતરાગ સમભાવને પ્રગટ કર ! એમ કહે છે. તેથી મોક્ષના પ્રેમીને પંચપરમેષ્ઠી પ્રત્યે પણ પ્રમોદ આવે છે.

જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં તેમાં રહ્યાં નથી હો. એકમાત્ર મોક્ષની પિપાસા....મોક્ષની પિપાસા છે. સીતાજી આદિ સ્ત્રીઓ પણ આત્મજ્ઞાન પામેલાં હતાં તેને પૂર્ણાનંદની પિપાસા હતી. રામે તેની પરીક્ષા કરવા અગ્નિમાં પડવાનું કહ્યું પણ અંતરમાં વિશ્વાસ છે અને રામને પણ સીતાનો વિશ્વાસ છે એની સીતાને ખબર છે. છતાં અગ્નિમાં ઝંપલાવે છે અગ્નિનું પાણી થઈ જાય છે, રામચંદ્રજી સીતાજીને કહે છે હવે ઘરે આવો. અર્ધખંડનો સ્વામી રામ કહે છે તમે પરીક્ષામાં પાર ઉતર્યા છો માટે હવે તમને પટરાણી કરીએ તમે મહેલમાં આવો. ત્યારે સીતાજી કહે છે હવે અમારે સંસાર ન જોઈએ. તમે પુરુષોત્તમ પુરુષ છો છતાં તમારી વૃતિ પણ આવી થઈ ગઈ !! વસ્ત્ર, શણગાર આદિ બધું છોડીને એક સફેદ વસ્ત્ર રાખીને મડદા જેવા શરીરને લઈને વનમાં ચાલ્યા જાય છે. લ્યો, આ પાંચમા ગુણસ્થાનની વાત છે. તેની દૃષ્ટિ તો અંતરમાં નિજપરિણતિ ઉપર છે, પરવસ્તુ ઉપર નથી. દૃષ્ટિનો વિષય શુભરાગ અને પર નથી, દૃષ્ટિમાં તો આનંદમય ભગવાન આત્મા તરવરે છે. અનંતગુણસાગર પ્રભુ ભિન્ન છે....ભિન્ન છે....ભિન્ન છે. તેમાં દૃષ્ટિ સ્થપાઈ ગઈ છે.

ધર્મીને દૃષ્ટિની સાથે પંચપરમેષ્ઠીની ભક્તિ આદિ શુભક્રિયા ભક્તિ, સન્માન, દયા, પૂજા આદિનું પરિણમન પણ વર્તે છે. અહાહા ! વીતરાગી કથનો અને વીતરાગી ભાવો અલૌકિક છે ! તેના વિના જન્મ-મરણના અંત આવે તેમ નથી. શુભપરિણતિ ઉપર દૃષ્ટિ નથી છતાં શુભભાવ આવે છે તેથી ધર્મી ચાહતા ન હોવા છતાં શુભપ્રકૃતિનો આસ્રવ અને બંધ થઈ જાય છે. તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, સર્વાર્થસિદ્ધિના દેવ આદિનું આયુ બંધાઈ જાય છે.

વીતરાગીદૃષ્ટિમાં શુભભાવ પણ ગોઠતો નથી છતાં પરમાનંદની પોતાને પિપાસા હોવાથી પરમાનંદને પ્રાપ્ત દેવ અને પરમાનંદના કહેનારા ગુરુ તથા શાસ્ત્ર પ્રત્યે પ્રમોદ આવી જાય છે. સંસારના ભોગમાં પડ્યા છે છતાં ભોગની ભાવના નથી. તેથી આવા અશુભભાવને છોડવા માટે પણ ધર્મીને શુભભાવ આવે છે.

મને શુભકર્મપ્રકૃતિ બંધાશે તો અનુકૂળતા મળશે તે મને ઠીક પડશે એવી ધર્મીને ચાહના નથી. અહા ! અન્યમતમાં પુણ્યથી ધર્મ અને મોક્ષ મનાવાય છે ત્યારે અહીં કહે છે કે ધર્મીને પુણ્યની ચાહના નથી. વીતરાગમાર્ગમાં રાગના પ્રેમ અને ઉલ્લાસ ન હોય છતાં તેને જ પુણ્યપ્રકૃતિનો આસ્રવ થાય છે.

જેમ, ખેડૂતની દૃષ્ટિ અનાજ ઉપર હોય છે, ઘાસ–ફૂસ ઉપર હોતી નથી છતાં ઘાસ તો અનાજની સાથે થાય જ છે પણ ખેડૂત ખેતરમાં જોવા જાય તો અનાજ કેટલું થયું એમ જુએ છે–ઘાસ તો ઘણું થયું હોય છે પણ તેની ઉપર તેની નજર હોતી નથી. ખેડૂતને ઘરે ઘાસ અને સાંઠીની તો વખાર ભરી હોય. અમે તો મોસાળમાં બધું જોયું છે. પહેલાં તો બધું સસ્તુ બહુ હતું. હમણાં એક ખેડૂત વાત કરતાં હતા કે ૨૭,૦૦૦ની જમીન લીધી છે અને દર વર્ષે ૩૫,૦૦૦નું અનાજ-કપાસ વગેરેની ઉપજ છે એ વાત કરતાં હતાં એમાં એની નજર કસ ઉપર હતી એમ પકડાતું હતું. આમ, ખેડૂતની નજર દાણા ઉપર હોય, રાડા ઉપર ન હોય, રાગ તો સહેજે થાય છે તેમ, ધર્મીની નજર ધર્મ ઉપર હોય છે, પુણ્ય ઉપર દૃષ્ટિ હોતી નથી છતાં પુણ્ય તો સહેજે બંધાય છે.

મિથ્યાદૃષ્ટિની—અજ્ઞાનીની દૃષ્ટિ પુણ્ય ઉપર હોય છે અને તેના ફળની આશામાં એ જીવે છે જ્યારે ધર્મીની દૃષ્ટિ તો પોતાની શુદ્ધપરિણતિ ઉપર છે અને તેના ફળમાં પૂર્ણ શુદ્ધપરિણતિ કેમ પ્રગટે એના ઉપર તેની દૃષ્ટિ હોય છે તો પુણ્ય તો સહેજે બંધાઈ જાય છે પણ તે પુણ્યબંધ તેને સંસારમાં ભટકાવી શકતું નથી. ધર્મી તો એકમાત્ર શિવપુરીના પાત્ર છે. પુણ્ય અને તેના ફળ ધર્મીના સંયોગમાં છે પણ તેનો હંમેશા નિષેધ વર્તે છે. તેથી પુણ્ય તેને સંસારમાં ભટકાવી શકતું નથી. ભરત, સગર, રામ આદિ જે ઉપર કહ્યા તે ઉપરાંત સીતાજી, દ્રૌપદી, અંજના, ચંદના આદિ રાજકુમારીઓ જે મહાસતી થઈ ગયાં તે બધાંને પૂજા–ભક્તિ આદિ શુભપરિણામથી અનીહિતવૃત્તિએ પુણ્યનો આસ્રવ આવતો પણ તે બધાં પુણ્યના પાત્ર ન હતાં, શિવપુરીના પાત્ર હતા એમ કહે છે. અમારે તો પૂર્ણાનંદ....પૂર્ણાનંદ જોઈએ—પુણ્યના ફળની અમને અભિલાષા નથી.

અજ્ઞાની પુણ્ય તો થોડું કરે પણ તેનું અભિમાન વધારે કરતો હોય છે. આત્માના જ્ઞાન વિના બાહ્યજ્ઞાનનું પણ એ અભિમાન કરે છે, આત્માની દૃષ્ટિ વિના વ્યવહારુદૃષ્ટિનું અભિમાન કરે છે, આત્માના ચારિત્ર વિના ક્રિયાકાંડનું અભિમાન કરે છે, તેથી તેને તો પુણ્ય પણ ઊંચા બંધાતા નથી. અજ્ઞાની એકલા સંસારના પાત્ર છે જ્યારે જ્ઞાની શિવપુરીના પાત્ર છે.

આ રીતે, શિષ્યના પ્રશ્નનો ગુરુએ ઉત્તર આપ્યો. હવે ૬૨ ગાથામાં કહે છે કે દેવ–શાસ્ત્ર–ગુરુની જે નિંદા કરે છે તેને મહાન પાપનો બંધ થાય છે. ધર્મી અનીહિતવૃત્તિએ દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ કરીને પુણ્ય બાંધે છે તો અજ્ઞાની સાચા દેવ–શાસ્ત્ર–ગુરુના સ્વરૂપના ભાન વિના તેનો વિરોધ કરીને મહાન પાપના ભાગીદાર

થાય છે. એ પાપના પ્રભાવથી પાપી અનંતકાળ સુધી નરક નિગોદ આદિ ખોટી ગતિમાં ભટકે છે.

देवहँ सत्थहं मुणिवरहं जो विद्देसु करेइ ।
णियमें पाउ हवेइ तसु जें संसारु भमेइ ॥६२॥

અર્થ :—વીતરાગદેવ, જિનસૂત્ર અને નિર્ગ્રંથ મુનિઓથી જે જીવ દ્વેષ કરે છે તેને નિશ્ચયથી પાપ થાય છે જે પાપના કારણે જીવ સંસારમાં ભ્રમણ કરે છે અર્થાત્ દેવ–શાસ્ત્ર–ગુરુ કે જે સાક્ષાત્ પુણ્યબંધના કારણ અને પરંપરા મોક્ષના કારણ છે તેની નિંદા કરે છે તેને નિયમથી પાપ થાય છે અને પાપના ફળમાં તે દુર્ગતિમાં ભટકે છે.

વીતરાગ સર્વજ્ઞદેવ એટલે કોણ ! કે જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન વર્તે છે એવી દશાવંત પરમાત્માની જે નિંદા કરે તેની દશા શું થાય !! દેહ છે ત્યાં સુધી જ આત્મા છે. પરલોકમાં વળી આત્મા ક્યાં હોય ! એમ માનનારા નાસ્તિકો સર્વજ્ઞની વાતને ગપ્પા કહીને પોતે પાપ બાંધે છે. અરે ! વિચાર કરે તો અત્યારે પણ અનંત દ્રવ્યો છે તેનો ખ્યાલ આવે છે. અનંત દ્રવ્ય છે, અનંત ક્ષેત્ર છે, અનંતકાળ છે અને એ દ્રવ્યોનો અનંત ભાવ છે, એ બધું ખ્યાલમાં આવે એવી તાકાત તો મતિ–શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ છે અરે ! તેની ના પાડનારને પણ અનંતનો ખ્યાલ તો આવે છે ને ! અનંત પદાર્થ ન હોય એમ નિષેધ કરનારના જ્ઞાનમાં પણ અનંતી શક્તિ છે ને !

શું કહ્યું ? સમજાયું ! અનંત જીવ ન હોય, અનંત પુદ્ગલ ન હોય એમ અનંતનો નિષેધ કરનારના જ્ઞાનમાં 'અનંત' તો ખ્યાલમાં આવ્યા ને ! અનંત ન હોય એમ નિષેધ કરે છે તે ખોટું છે પણ તેને પણ અનંત તો જ્ઞાનમાં આવ્યું. જ્ઞાનની તાકાત જ એવી છે કે એક સમયમાં ત્રિકાળવર્તી અનંત પદાર્થોને તેની અપેક્ષા વિના જાણે, વિકલ્પની પણ અપેક્ષા તેને નથી. પણ તેની જેને શ્રદ્ધા નથી તે જીવ કોઈ પણ રીતે કેવળજ્ઞાનનો નિષેધ કરે છે કે જો કેવળીએ દરેકની ત્રણકાળની અવસ્થા જોઈ હોય તો બધું એ પ્રમાણે જ થાય તો તેમાં આપણાં હાથમાં શું રહ્યું ! માટે એમ ન હોય....એમ કરીને સર્વજ્ઞનો નિષેધ કરે છે.

૯૨ની સાલમાં અહીં એક ભણેલો સાધુ આવ્યો હતો તે કહે, જો તમે એમ કહો છો કે સર્વજ્ઞ બધું જાણે છે તો કોઈ કાંઈ નવું તો કરી જ ન શકે, પુરુષાર્થ તો કાંઈ રહ્યો જ નહિ ! એમ પૂછવા લાગ્યો ત્યારે કીધું તમારે જગતમાં કેવળજ્ઞાન નથી એમ સિદ્ધ કરવું છે ? ભાઈ ! એમ ઊંધા તર્ક ન કરાય, ન્યાય સમજવો જોઈએ.

સર્વજ્ઞને ન ઉડાડાય. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણનારા સર્વજ્ઞનો નિષેધ કરે આવા તે સાધુ હોય ! સર્વજ્ઞે તો બધું પોતાના જ્ઞાનથી જોયું છે તેમ સર્વજ્ઞનો નિર્ણય કરવો એ તારા હાથમાં છે.

૬૨ ગાથા છે ને ! અંતરની દૃષ્ટિવાળાને આવા વીતરાગદેવની-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા સાક્ષાત્ પુણ્યબંધનું કારણ છે અને જેને આત્માનું જ્ઞાન જ નથી અને દેવ–શાસ્ત્ર–ગુરુની નિંદા કરે છે તે તો એકલું પાપબંધ કરે છે. સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રની ભૂલ કાઢે કે આ સમયસારમાં તો નવેય તત્ત્વની ભૂલ છે. પોતાના જ્ઞાનનું અભિમાન ચઢી ગયું હોય એટલે શાસ્ત્રની ભૂલ કાઢે. નિર્ગ્રંથ મુનિઓ કે જેને અંતરમાં નિર્મળાનંદની છોળ ઉઠતી હોય પણ બહારથી શરીર નગ્ન અને મલિન પણ હોય તેને જોઈને આ મૂર્ખ એમ નિંદા કરે કે આને લોકલજ્જા પણ નથી–નગ્ન રહે છે અને કહે છે કે અમે ધર્મ કરીએ છીએ. આમ નિંદા કરીને નિંદક પોતે પાપ બાંધે છે.

મુનિરાજને શરીરની કોઈ જાતની ઇચ્છા રહી નથી કે શરીર આમ પરિણમે તો સારું....શરીરને જેમ પરિણમવું હોય તેમ પરિણમો અમે તો અમારી દૃષ્ટિ અને અનુભવમાં છીએ. આવા વીતરાગી દિગંબર નિર્ગ્રંથ સંત અતીન્દ્રિય આનંદમાં ઝૂલતાં હોય છે તેનો અને વીતરાગદેવ તથા શાસ્ત્રનો જે વિરોધ કરે છે તેને ખરેખર–નિશ્ચયથી મિથ્યાત્વ સહિતનું પાપકર્મ બંધાય છે, ઘાતિ અને અઘાતિ બધાં કર્મ બંધાય છે.

શ્રીમદે એકવાર કહ્યું હતું અરે ! જેના ગુણગ્રામ કરવાથી લાભ થાય તેની જ નિંદા કરી–વિરોધ કરી લોકો અનંત સંસાર વધારે છે. સમ્યગ્દૃષ્ટિને પણ ઓળખ્યા વગર વિરોધ કરે તે પણ પાપ બાંધે છે. નિજપરિણતિ ચોથા ગુણસ્થાનથી પ્રગટ થઈ જાય છે. તે નિજપરિણતિ સહિત સમ્યગ્દૃષ્ટિ દેવ–શાસ્ત્ર–ગુરુના ગુણગ્રામ કરીને પુણ્ય બાંધે છે. તેની સામે આ વાત કરી કે મિથ્યાદૃષ્ટિ સાચા દેવ–શાસ્ત્ર–ગુરુની નિંદા કરીને પાપ બાંધે છે. તે પાપથી તેને દુર્ગતિમાં ભટકવું પડે છે.

ભાવાર્થ :—નિજપરમાત્મદ્રવ્યની પ્રાપ્તિની રુચિ તે જ નિશ્ચય સમ્યક્ત્વ, તેનું કારણ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ વ્યવહાર સમ્યક્ત્વ તેના મૂળ અરિહંતદેવ, નિર્ગ્રંથ ગુરુ અને દયામયી ધર્મ—આ ત્રણેયની જે નિંદા કરે છે તે મિથ્યાદૃષ્ટિ હોય છે, તે મિથ્યાત્વનું મહાન પાપ બાંધે છે, તે પાપથી ચારગતિરૂપ સંસારમાં ભમે છે.

નિજપરમાત્મા—પરમ શુદ્ધ આનંદસ્વરૂપ અભેદ એકાકાર અખંડાનંદમય દ્રવ્ય, તેની પ્રાપ્તિની રુચિ એટલે પૂર્ણાનંદની પ્રાપ્તિની રુચિવાળાને નિજપરમાત્મ દ્રવ્યની રુચિ થઈ ગઈ છે તેનું નામ નિશ્ચયસમકિત છે, તેના કારણભૂત નવતત્ત્વની વિકલ્પવાળી

શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે તેનો વિષય દેવ–ગુરુ અને શાસ્ત્ર છે એવા તત્ત્વાર્થશ્રદ્ધાનની વાત કરી છે. નિશ્ચય સમકિતનો વિષય નિજપરમાત્મા છે અને વ્યવહાર સમકિતનો વિષય વીતરાગદેવ-ગુરુ અને શાસ્ત્ર છે. એમ વિષય જુદો પડ્યો છે જ્યારે તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વામીએ 'તત્ત્વાર્થશ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્' કહ્યું છે ત્યાં સાત તત્ત્વની અભેદ શ્રદ્ધામાં આત્મા આવી જાય છે.

ભાવાર્થમાં દેવ–શાસ્ત્ર–ગુરુને વ્યવહાર સમકિતના વિષય કહ્યાં છે અને નિજ-પરમાત્મા તે નિશ્ચયસમકિતનો વિષય છે. સ્વના આશ્રય વિના એકલા દેવ–શાસ્ત્ર–ગુરુના શ્રદ્ધાનથી વ્યવહારસમકિત થતું નથી. તેથી અહીં બંનેની વાત સાથે લીધી છે. અંતરમુખતા થયા વિના દેવ–શાસ્ત્ર–ગુરુ તરફ જોયા કરવાથી નિશ્ચયસમકિત થતું નથી અને વીતરાગ સર્વજ્ઞદેવની ઓળખાણ વિના નિશ્ચય સમકિત પણ હોઈ શકતું નથી માટે, અરિહંતદેવ, નિર્ગ્રંથગુરુ અને દયામયી ધર્મ આ ત્રણેની જે નિંદા કરે છે તે મિથ્યાદૃષ્ટિ હોય છે. રાગની ઉત્પત્તિ ન થવી તે દયા અને શુભભાવરૂપી દયા એ બંને આવી જાય. આવા ધર્મની નિંદા કરનારા મિથ્યાત્વનું મહાન પાપ બાંધે છે અને તેના ફળમાં ચારગતિમાં ભ્રમણ કરે છે.

સમકિતી મોક્ષનું સુખ પામે છે જ્યારે મિથ્યાદૃષ્ટિ પાપબંધથી દુઃખ પામે છે.

(ક્રમશઃ)

*

ભાઈ ! તારે પુણ્ય–પાપના દુઃખરૂપ ભાવથી નિવર્તવું હોય તો પહેલાં નિર્ણય કર કે એ પુણ્ય–પાપના ભાવનો સ્વામી પુદ્‌ગલ છે અને પુણ્ય-પાપના ભાવ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો તે હું છું. તું વિકલ્પ દ્વારા પણ એવો નિર્ણય કર કે પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે ને ભવિષ્યમાં જે પુણ્ય–પાપના ભાવ થશે એના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. આત્મામાં અનંતા અનંતા ગુણો હોવા છતાં વિકારને કરે એવો કોઈ ગુણ નહીં હોવાથી પુણ્ય–પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે, એ પરિણામના સ્વામીપણે નહીં પરિણમનારો હું છું—એમ વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં રાગમિશ્રિત વિચારદશામાં આવો નિર્ણય કર. વર્તમાનમાં તો પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલ છે, પણ ભવિષ્યમાં જે પુણ્ય–પાપ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *હું જ્ઞાયક જ છું એવો નિર્ણય શું પહેલાં બુદ્ધિપૂર્વક થતો હશે?*

**સમાધાન :—** પહેલાં નિર્ણય બુદ્ધિપૂર્વક થાય છે. તેને અંતરમાંથી એવી શ્રદ્ધા (-વિશ્વાસ) આવી જાય છે કે આ હું જ્ઞાયક છું. અને આ જ્ઞાયકને ગ્રહણ કરી તેમાં તીવ્રતા-ઉગ્રતા કરવાથી અવશ્ય આગળ જવાશે એવો નિર્ણય તેને આવી જાય છે. જ્ઞાયકના મૂળમાંથી સ્વભાવ ગ્રહણ થાય છે કે જ્ઞાયક આ જ છે, આ વિભાવ છે; આ પર છે, આ સ્વભાવ છે અને તે સ્વભાવને ગ્રહણ કરવાથી અંતરમાંથી શાંતિ અને આનંદ આવશે. આ જ્ઞાયકને જ ગ્રહણ કરવાનો છે, તેના પુરુષાર્થને ઉગ્ર કરવાથી અવશ્ય આમાંથી સ્વાનુભૂતિ પ્રગટ થશે એવો જોરદાર નિર્ણય પ્રથમ હોય છે અને સ્વાનુભૂતિ પછી ભેદજ્ઞાનની ધારા સહજ વર્તે છે. પહેલાં નિર્ણય હોય છે, પણ ભેદજ્ઞાનની સહજ ધારા હોતી નથી. તેને જ્ઞાયક ગ્રહણ થાય અને છૂટી પણ જાય, પુરુષાર્થની એવી તીવ્રતા-મંદતા થયા કરે. પણ નિર્ણય જોરદાર હોય છે કે આવી જાતનો પુરુષાર્થ કરવાથી—આ જ્ઞાયકની ઉગ્રતા કરવાથી—અવશ્ય માર્ગે જવાશે.

સ્વાનુભૂતિ પછી તેને જ્ઞાયકની ધારા સહજ જોરદાર રહે છે. ક્ષણે ક્ષણે ગમે ત્યાં ઉપયોગ બહાર જાય તથા અનેક જાતના વિભાવના વિકલ્પ આવે, તો પણ જ્ઞાયકની ધારા વર્તે છે, જ્ઞાયક ક્ષણે ને ક્ષણે જુદો ને જુદો રહે છે. બહારથી ગમે તે કાર્ય થતું હોય અને અંતરમાં ગમે તે વિકલ્પ આવતા હોય તો પણ જ્ઞાયક તેનાથી ન્યારો અને ન્યારો રહે છે, જ્ઞાયકધારાની પરિણતિ જુદી જ રહે છે. ખાતાં-પીતાં, હાલતાં-ચાલતાં, સૂતાં-જાગતાં, એમ કોઈ પણ કાર્યમાં નિરંતર ભેદજ્ઞાનની ધારા રહે છે. તે ભેગો થતો જ નથી એવી સહજ ધારા રહે છે.

મુમુક્ષુને પહેલાં તો માત્ર નિર્ણય હોય છે, સહજ ધારા હોતી નથી, પણ નિર્ણય એવો હોય છે કે આ જ્ઞાયકને ગ્રહણ કરવાથી અને તેની ઉગ્રતા કરવાથી અર્થાત્ ભેદજ્ઞાન કરવાથી અવશ્ય સ્વાનુભૂતિ થશે. તેની ભેદજ્ઞાનધારા ટકતી નથી કારણ કે સહજ નથી, છતાં તેની ઉગ્રતા કરતાં કરતાં સ્વાનુભૂતિ થશે એવો નિર્ણય છે.

[તા. ૧૦-૭-૨૦૦૨]

# સુવર્ણપુરી સમાચાર

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાત: | : પૂ. બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાત: | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : શ્રી 'અષ્ટપાહુડ' શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

**આષાઢી-નંદીશ્વર-અષ્ટાહ્નિકા :—** તા. ૧૭-૭-૦૨, બુધવારથી તા. ૨૪-૭-૦૨, બુધવાર —આઠ દિવસ સુધી આ મંગલ પર્વ પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા અધ્યાત્મ તત્ત્વજ્ઞાનની ઉપાસનાના વિશેષ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**વીરશાસન જયંતી :—** તા. ૨૫-૭-૨૦૦૨, ગુરુવારના દિવસે શ્રી મહાવીર-શાસનજયંતી (દિવ્યધ્વનિ)નું વાર્ષિક પર્વ છે. તે પરમાગમમંદિરમાં પૂજા ભક્તિ તથા તત્ત્વજ્ઞાનના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

**રક્ષાબંધન પર્વ :—** શ્રાવણી પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૨૨-૮-૨૦૦૨, ગુરુવારના દિવસે પૂજાભક્તિના આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

**અધ્યાત્મવિદ્યાસ્થળી સુવર્ણપુરીમાં—**

## * ધાર્મિક શિક્ષણવર્ગ *

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનના ૮૯મા વર્ષના 'મંગલમય જન્મોત્સવ'ના પુનિત અવસર પર તા. ૧૮-૮-૨૦૦૨, રવિવારથી તા. ૬-૯-૨૦૦૨, શુક્રવાર—વીસ દિવસના અધ્યાત્મતત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુ મહાનુભાવો (પુરુષો) માટે 'ધાર્મિક

શિક્ષણવર્ગ' રાખવામાં આવ્યો છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે. શિક્ષણાર્થિઓ માટે આવાસ ભોજનવ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવી છે.

સૂચના :—સમયસાર, પ્રવચનસાર, જૈનસિદ્ધાંત–પ્રશ્નોત્તરમાળા તથા મોક્ષમાર્ગ-પ્રકાશક–આ પાઠ્ય પુસ્તકો આપની પાસે હોય તો અવશ્ય સાથે લાવવા વિનંતી.

*

## વૈરાગ્ય સમાચાર—

જામનગરનિવાસી (હાલ-મુંબઈ) શારદાબેન રસિકલાલ વસા (વર્ષ-૭૪) તા. ૨૪-૪-૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સુરેન્દ્રનગરનિવાસી ચંદ્રિકાબેન મનહરલાલ ગાંધી (વર્ષ-૫૪) તા. ૧-૫-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સિકંદરાબાદનિવાસી શ્રી ધીરજલાલ મગનલાલ શાહ તા. ૧-૬-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

નાઈરોબીનિવાસી શ્રીમતી મધુબેન હરખચંદ ધરમશી (વર્ષ-૬૦) તા. ૨-૬-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

નાઈરોબીનિવાસી શ્રીમતી રતનબેન ધરમશી દેવરાજ શાહ (વર્ષ-૮૨) તા. ૩-૬-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

નાઈરોબીનિવાસી ભારમલ વાઘજી હરીઆ (વર્ષ-૮૭) તા. ૪-૬-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મલાડનિવાસી શ્રી મંજુલાબેન સી. કોઠારી (વર્ષ-૭૦) તા. ૧૪-૬-૨૦૦૨ના રોજ હાર્ટ-એટેકથી સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદનિવાસી (હાલ-ખાર-મુંબઈ) શ્રી સમતાબેન માણેકચંદ શાહ (વર્ષ-૯૮) (–તે શ્રી બાબુભાઈના માતુશ્રી) તા. ૧૬-૬-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સોનગઢમાં જ ઘણો સમય રહેતા હતા ને અત્યંત ધર્મજિજ્ઞાસુ તેમજ ઉલ્લસિત ભક્તિભાવવાળા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીના સત્‌સમાગમમાં સંપ્રદાય વખતથી જ હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનના અનેક પ્રસંગોનું તેમને સ્મરણ હતું. છેલ્લે સુધી તત્ત્વચર્ચા પૂર્વક શાંતિથી દેહવિલય પામ્યા છે.

બોટાદનિવાસી (હાલ-રાજકોટ) સ્વ. સુમિત્રાબેન અંબાલાલ ગાંધી (વર્ષ-૬૮) (–તે બ્ર. શ્રી ઈન્દુબેનના મામી) તા. ૧૮-૬-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વઢવાણનિવાસી (હાલ સુરેન્દ્રનગર) શ્રી ભાનુમતીબેન સુભાષચંદ્ર વોરા (વર્ષ-૫૮) તા. ૨૨-૬-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

*　　　*　　　*

ચેન્નાઈ નિવાસી શ્રીમતી પ્રવીણાબેન કાન્તિલાલ કામદાર-પરિવાર તરફથી

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં આયોજિત

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૯મા વર્ષનો

# મંગલમય જન્મોત્સવ

સ્વાનુભવમુદ્રિત-અધ્યાત્મમાર્ગના પ્રકાશક, પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની, વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુમહિમા તથા સ્વાનુભવમાર્ગનો સમુદ્યોત કરવાવાળી ઉપકાર-કિરણો આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહેશે. આપણી તે ઉપકૃતતાભીની ભાવનાને વિશેષ દ્રઢ કરવા માટે, તે ઉપકારમૂર્તિના ૮૯મા વર્ષનો 'મંગલ જન્મોત્સવ' (શ્રાવણ વદ બીજ) સુવર્ણપુરીમાં અત્યંત ભક્તિભાવથી ઊજવવામાં આવશે. આ મંગલજન્મોત્સવનું શુભ આયોજન તા. ૨૦-૮-૨૦૦૨, મંગળવારથી તા. ૨૪-૮-૨૦૦૨, શનિવાર—પાંચ દિવસ સુધી 'શ્રી સિદ્ધપરમેષ્ઠી મંડલવિધાનપૂજા' અધ્યાત્મજ્ઞાનોપાસના તથા દેવગુરુભક્તિ આદિ વિવિધ રોચક કાર્યક્રમ સાથે અતિ ભક્ત્યુલ્લાસથી સંપન્ન થશે. આપણા આદરણીય, ગહન-આદર્શ-આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહના મંગલ સાનિધ્યમાં અત્યાનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવનાર આ મંગલ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસવાળાં ઓડિયો-વિડિયો ટેપપ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચન, અધ્યાત્મજ્ઞાન-શિક્ષણશિબિર, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ—વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમનો પણ સર્વેને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

*આયોજક—*

*કાન્તિલાલ અમીચંદ કામદાર*

*હા. અશ્વિન તથા ભરત કામદાર*

નિમંત્રણ-પત્રિકાની લેખનવિધિ તા. ૨૫-૭-૨૦૦૨ ગુરુવારના દિવસે રાખવામાં આવી છે.

# ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❀

❀ ભગવાન જિનેન્દ્ર સર્વજ્ઞની દિવ્યધ્વનિ આવી તેમાં સિંહનાદ આવ્યો ! શું આવ્યો ? કે હે જીવ ! તું સચ્ચિદાનંદ પરમાત્મસ્વરૂપ છો. પ્રભુ ! તું પોતે પરમાત્મસ્વરૂપ મારી જાતનો જ છો. બકરાંના ટોળામાં સિંહ ભળી ગયો હોય તેમ શુભાશુભ ભાવમાં ભગવાન ભળી ગયો છે તેને ભગવાનનો સિંહનાદ આવ્યો કે તું મારી જાતનો ભગવાન સ્વરૂપ છો તેમ જાણ ! ૨૫૩.

❀ વસ્તુ મુક્ત સ્વરૂપ છે તો તેને બંધ સાથે સંબંધ કેમ થાય છે ?—કે મુક્ત સ્વરૂપ વસ્તુ છે એવો તેને સ્વીકાર નથી, તેથી વસ્તુને જે બંધ સાથે સંબંધ છે તે અજ્ઞાનીના અજ્ઞાનનું માહાત્મ્ય છે. જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ પર્યાય સાથે છે, દ્રવ્યને—ધ્રુવને તો જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ નથી. ૨૫૪.

❀ આત્મા પરદ્રવ્યની પર્યાય તો આઘી-પાછી કરી શકતો નથી પણ પોતામાં ક્રમસર થતી પર્યાયને પણ આઘી-પાછી કરી શકતો નથી, માત્ર જાણનાર જ્ઞાતા જ છે. દયા-દાન-પૂજા-ભક્તિનો રાગ થાય તેને પરજ્ઞેય તરીકે જાણે છે. આંખ દેખવા સિવાય શું કરી શકે ? તેમ જ્ઞાન જાણવા સિવાય શું કરી શકે ? ૨૫૫.

❀ હું લાયક નથી...લાયક નથી એમ એના નકારે વાત અટકી છે. પણ એને અંદરથી એમ આવવું જોઈએ કે હું આ ક્ષણે જ પરમાત્મા થવાને લાયક છું એવો અંદરથી વિશ્વાસ આવવો જોઈએ. આ વાતની જે હા પાડે છે, અંદરથી હકાર આવે છે, તે જીવને રાગથી છૂટો પડવાની શરૂઆત થઈ ગઈ છે, છૂટો પડતો જાય છે એટલે નૈગમનયે છૂટો પડી ગયો તેમ શાસ્ત્રમાં કહ્યું છે. ૨૫૬.

❀ રોગના કાળે રોગ થયા વિના રહેશે જ નહિ. ઇન્દ્ર ઉપરથી ઉતરે તોપણ રોગ થયા વિના રહેશે નહિ લે ! અને રાગને કાળે રાગ પણ થયા વિના રહેશે નહિ લે ! હવે તારે નજર ક્યાં કરવી છે ? સ્વભાવ ઉપર નજર નાખવી એ જ સંતોષ અને શાંતિનો ઉપાય છે. ૨૫૭.

❀ પરમાત્માના ઘરમાં પેસવું છે અને હું તો પામર...પામર...પામર...એ બે વાતમાં મેળ નથી. પહેલી ચોટમાં હું સિદ્ધ છું એવું લક્ષમાં લેતો નથી તેને જિજ્ઞાસુ જ કહેતાં નથી. ૨૫૮.

❀

## હે મુમુક્ષુ ! પરદોષ જોવા તરફ તું નિરંતર ઉપેક્ષીત રહે

ઉન્નતિનો ક્રમ તો એ છે કે—એકને જોઈ બીજો તેના આદર્શ ગુણોનું અનુકરણ કરે, પરંતુ દોષદ્દષ્ટિવાન મનુષ્ય "પોતાથી જગતમાં કોઈ વિશેષ ગુણવાન છે" એ સમજતો જ નથી. બીજામાં દોષ હોવા અથવા નહિ હોવાથી તને પોતાને શું લાભ-હાનિ છે? તારો દોષ જે દિવસે નિવૃત્ત થશે તે દિવસે તું ખરેખર સુખી થઈશ. માટે હે મુમુક્ષુ! એ પરદોષ જોવા તરફ તું નિરંતર ઉપેક્ષીત રહે. *(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા–૨૫૦)*


If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૪૫૦/–

વાર્ષિક લવાજમ : રૂ. ૯/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૪૫/–

[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂ. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com

Fax : (02846) 44334